બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા, ઘટાડા તથા ગ્રાન્ટ કાપની માર્ગ દર્શક સૂચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૦૬ -૨૧૩૮-ગ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૧/૧૨/૨૦૨૦

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૩૧-૧૨-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક : ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧.
(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૦૩-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧.
(૩) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૯-૦૮-૨૦૨૦નો પત્ર ક્રમાંક : ધ/માધ્યમિક/અનદ-૨/૨૦૨૦/૧૫૩૦૦

પ્રસ્તાવના :-

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) સામેના શિક્ષણ વિભાગના અનુક્રમે તારીખ ૩૧-૧૨-૨૦૦૯ અને તારીખ ૦૮-૦૩-૨૦૧૧ના ઠરાવથી રાજ્યની દરેક માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા કેટલી હોવી જોઇએ તથા વર્ગ વધારા ઘટાડા, ગ્રાન્ટ કાપ અને સરાસરી હાજરી અંગેની નીતિ નક્કી કરેલ છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં ધોરણ-૧૦નું પરિણામ ઓછું આવેલ હોવાથી તથા કોવિડ-૧૯ની મહામારીથી સર્જાયેલી પરિસ્થિતિને કારણે વિદ્યાર્થી પ્રવેશ પર અસર પડેલ છે. તેના કારણે શાળાઓમાં મોટા પ્રમાણમાં વર્ગો બંધ થાય તેમ હોવાથી અને તે કારણે મોટા પ્રમાણમાં વર્ગ ઘટાડા અને તેના કારણે શિક્ષકો ફાજલ થવાની સંભાવના હોવાથી વર્તમાન અસામાન્ય પરિસ્થિતીને ધ્યાને લઈ વંચાણે લીધા ક્રમાંક (૨) ઠરાવ ક્રમાંક: ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧ તારીખ ૦૮-૦૩-૨૦૧૧માં છૂટછાટ આપવા અંગે કમિશનર શાળઓની કચેરીએ દરખાસ્ત કરેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ના ઠરાવમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ના સમયગાળા માટે નીચે મુજબની શરતોને આધીન છુટછાટ આપવામાં આવે છે:

(૧) **આ ઠરાવથી કરવામાં આવેલી જોગવાઈઓ માત્ર વર્ગ ઘટાડા માટે ધ્યાને લેવાની રહેશે,** રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળઓમાં ધોરણ- ૯ થી ૧૨ ના વર્ગવધારા માટે શિક્ષણ વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવની નિયત થયેલ વિદ્યાર્થી સંખ્યાની જોગવાઈઓ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે. આ વિદ્યાર્થી સંખ્યા વર્ગવધારા માટે કોઈપણ સંજોગોમાં ધ્યાને લેવાની રહેશે નહીં અર્થાત વર્ગવધારા માટે ૬૦+૩૬ વિદ્યાર્થી સંખ્યા અને ૬૦+૨૪ વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેવાની રહેશે.



Scanned with CamScanner

(૨) અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ના પ્રથમ વર્ગ માટે શહેરી વિસ્તારમાં ૩૬ વિદ્યાર્થી સંખ્યા નિયત થયેલી છે, તેના બદલે સુધારેલ વિદ્યાર્થી સંખ્યા ૨૫ જાળવવાની રહેશે અને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૪ વિદ્યાર્થી સંખ્યા નિયત થયેલ છે, તેના બદલે સુધારેલ વિદ્યાર્થી સંખ્યા ૧૮ જાળવવાની રહેશે. એક કરતાં વધારે વર્ગો માટે શહેરી વિસ્તારમાં ૬૦+૩૬ ના બદલે ૪૨+૨૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૬૦+૨૪ ના બદલે ૪૨+૧૮ ની વિદ્યાર્થી સંખ્યા જાળવવાની રહેશે.

(૩) શહેરી વિસ્તાર માટે ૨૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૧૮ વિદ્યાર્થી સંખ્યા ન જળવાતી હોય તેવી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ ઘટાડા કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) આ ઠરાવની છૂટછાટ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧(એક જ વર્ષ માટે) ના સમયગાળા માટે આપવામાં આવે છે. આ મુદત પુરી થયે આ ઠરાવની અસર આપોઆપ રદબાતલ બનશે. બાકીની બોલીઓ અને શરતો વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ - ગ.૧ મુજબ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૦૭-૧૨-૨૦૨૦ ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.



C:\Users\EDU\Desktop\ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧.doc

Scanned with CamScanner